# મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે "ઔષધિય અને સુગંધિત વનસ્પતિની વૈજ્ઞાનિક ખેતી" વિષે તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો

આણંદ કૃષિ યુનિવર્સિટી, કૃષિ સંશોધન કેદ્ર મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે **"ઔષધિય અને સુગંધિત વનસ્પતિની વૈજ્ઞાનિક ખેતી"** વિષય પર આણંદ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડૉ. કે. બી. કથીરીયા સાહેબના માર્ગદર્શન હેઠળ એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો. આણંદ કૃષિ યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્ય અને ભાજપ મોરચા મહામંત્રી, દાહોદ જીલ્લાના મીનાબેન આર પરમાર દ્વારા "પાકોમાં પોષક તત્વો અને સ્વાસ્થય સબંધિત ફાયદા" વિષે માર્ગદર્શન આપેલ. ડૉ. કે. વી. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને વડા, ઔષધિય અને સુગંધિત વનસ્પતિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ઔષધિય પાકોની બજાર વ્યવસ્થા અને વિકાસની તકો પર માર્ગદર્શન આપેલ હતું. શ્રી આર. આઈ. ચોધરી, ખેતી અધિકારી, ઔષધિય અને સુગંધિત વનસ્પતિ સંશોધન કેન્દ્ર, આ. કૃ. યુ., આણંદ દ્વારા ઔષધિય પાકોમાં રોગ અને જીવાતની ઓળખ અને તેનું નિયંત્રણ વિષે માહિતી આપેલ હતી. વધુમાં ડૉ. રાજપાલ સોલંકી, આર. એ. ઔષધિય અને સુગંધિત વનસ્પતિ સંશોધન કેન્દ્ર, આ. કૃ. યુ., આણંદ દ્વારા ગુજરાતના અગત્યના ઔષધિય પાકોની ખેતી પધ્ધતિ વિષે માર્ગદર્શન આપેલ. કૃષિ સંશોધન કેન્દ્ર ના વડા ડૉ.આર.જી.મછાર દ્વારા મિલેટ પાકોમાં પોષક તત્વો અને સ્વાસ્થય સબંધિત ફાયદા" વિષે માર્ગદર્શન આપેલ.

વધુમાં શ્રી આરીફભાઈ શેખ દ્વારા જૈવિક ખાતરોનું મહત્વ તથા પાક સંરક્ષણ ની માહિતી આપેલ અને વધુમાં દાહોદ જિલ્લાના તાલુકાના ઝાલોદ, ફતેપુરા, ધાનપુર તેમજ દાહોદના આફવા, મારગાળા, ધાનપુર અને કુંણભામાંથી આવેલ ૧૧૦ ખેડૂતભાઈઓ અને બહેનોને જીવંત નમૂનાઓનું નિદર્શન તથા નિંદણ-રોગ-જીવાત નિયંત્રણના હેતુથી સ્પ્રેયર પંપનું વિતરણ પણ કરવામાં આવેલ છે.








Masand
KISAN